## 1. પ્રસ્તાવના:

ભારતમાં વર્ષોથી કેટલાક સમાજો પછાત રહ્યા છે અને તેમાં જો સમાવેશ કરીએ તો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ સૌથી વધુ પછાત છે. આ બે વર્ગોના વિકાસ પર સ્વતંત્રતા પછી ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

સ્વતંત્રા બાદ ભારતે અપનાવેલા બંધારણ ભારતીય સમાજ વ્યવસ્થાના ધ્યેયો જેવા કે સામાજિક, આર્થિક, રાજકીય, ન્યાય, વિચારવાણી, ધર્મની સ્વતંત્રતા- દરજ્જા અને તકની સમાનતા તેમજ વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા પ્રદર્શિત થાય તેવો ભાતૃભાવ સૌમાં કેળવાય વગેરેની સ્પષ્ટ રજૂઆત કરે છે. ભારતીય બંધારણ સમાજના પછાત વર્ગોના ઘણી પેઢીઓથી ચાલતા આવેલા શોષણ અને અસ્પૃશ્યતાના વર્તનની ખાસ નોંધ લે છે અને તેના રક્ષણ માટે બંધારણમાં વિવિધ જોગવાઇઓ કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેમનાં ઉત્કર્ષ અને વિકાસ માટે શિક્ષણ સૌથી વધુ જરૂરી છે. આધુનિક સમાજમાં મોટા ભાગના વ્યવસાયોમાં શિક્ષણ અનિવાર્ય છે. તેથી તેના વિકાસનું મહત્વ સ્વીકારવું રહ્યું. કોઠારી શિક્ષણ કમિશન કહે છે કે, શિક્ષણના સૌથી મહત્વના ધ્યેયોનું એક ધ્યેય તકોને સમાન બનાવવાનુ અને તે દ્વારા પછાત વર્ગોની સ્થિતિના સુધાર માટે શિક્ષણને એક સાધન તરીકે વાપરતા કરવાનું છે. વંચિત ( અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ) જૂથના ક્ષેત્રમાં સ્વતંત્રતા પછીના પ્રથમ બે દાયકા સુધી સંશોધનનું ખેડાણ ખૂબ જ ઓછું હતું જે સંશોધનો થયેલા હતા તેમાં મહદાંશે માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ સંબંધિત સંશોધનો હતા. ત્યાર બાદ 70 અને 80 ના દાયકામાં આ ક્ષેત્રમાં અંદાજિત 114 જેટલા વિવિધ સંશોધનો હાથ ધરાયા હતા. આ સંશોધનના તારણો દર્શાવે છે કે આ જાતિના વિદ્યાર્થીઓ આજે પણ લઘુતાગ્રંથિ અનુભવે છે. તેઓમાં અનિયમિતતા, અપવ્યય અને સ્થગિતતા વધારે જોવા મળે છે. તેમની સાથે ભેદભાવભર્યું વર્તન રાખવામાં આવે છે. વાલીઓની શિક્ષણ પ્રત્યે બેદરકારી તથા તેમની આર્થિક સ્થિતિ નબળી જોવા મળે છે અને શિક્ષણ પ્રત્યે સજાગ વાલીઓના બાળકો જ ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી શકે છે.

આ પ્રકારના સંશોધનોનું પ્રમાણ ગુજરાતમાં ગુજરાતી ભાષામાં તેમજ પ્રાથમિક શિક્ષણમાં ઓછું જોવા મળે છે. આજે પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ અને RTE -2009 અમલમાં આવ્યું છે ત્યારે પ્રવર્તમાન પરિસ્થિતિમાં ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું શિક્ષણ તેમજ તેમના શિક્ષણ સાથે જોડાયેલ બાબતો જેવી કે નિયમિતતા, શિક્ષણમાં તેમની સહભાગિતા, તેમની સ્વચ્છતાની ટેવો, તેમની સામાજિકતા અને તેમને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો જરૂરી છે. તેમજ તેમની સ્થિતિ સુધાર માટે અને કેટલાક નીતિવિષયક નિર્ણયો લઇ શકાય તે હેતુથી આ અભ્યાસ આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હાથ ધરવામાં આવ્યો છે.

## 2. સમસ્યા વિધાન:

**"આણંદ જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું શિક્ષણ"**

## 3. સંશોધનના હેતુઓ:

1. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓની નિયમિતતાનો અભ્યાસ કરવો.
2. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નિયમિતતા અને અનિયમિતતાનું પ્રમાણ જાણવું.
3. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં સહભાગિતાનો અભ્યાસ કરવો.
4. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં સહભાગિતાનું પ્રમાણ જાણવું.
5. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સ્વચ્છતાની ટેવોનો અભ્યાસ કરવો.
6. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની જુદી-જુદી બાબતોમાં સ્વચ્છતાની ટેવોનું પ્રમાણ જાણવું.

7. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં સામાજીકતાનો અભ્યાસ કરવો.
8. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં સામાજિકતાનું પ્રમાણ જાણવું.
9. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ જાણવી
10. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનું પ્રમાણ જાણવું.

## 4. સંશોધનના પ્રશ્નો:

1. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નિયમિતતા કેવી છે?
2. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નિયમિતતાનું પ્રમાણ કેટલું છે?
3. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં સહભાગિતા કેવી છે?
4. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં સહભાગિતાનું પ્રમાણ કેટલું છે?
5. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સ્વચ્છતાની ટેવો કેવી છે?
6. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની જુદી-જુદી બાબતોમાં સ્વચ્છતાની ટેવોનું પ્રમાણ કેટલું છે ?
7. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સામાજીકતા કેવી છે?

8. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સામાજીકતાનું પ્રમાણ કેટલું છે?
9. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં કેવી કેવી મુશ્કેલીઓ પડે છે?
10. આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનું પ્રમાણ કેટલું છે?

## 5. સંશોધનનું મહત્વ :

આઝાદી કાળથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સંખ્યાત્મક અને ગુણાત્મક સુધારણ સારા એવા પ્રમાણમાં થતા રહ્યા છે. આજે આઝાદીના છ દાયકા બાદ પણ આ ક્ષેત્રે જોઇએ તેટલા પ્રમાણમાં સુધારો જોવા મળ્યો નથી. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકોના શિક્ષણમાં ઓછા વિકાસ પાછળના કારણમાં આ જાતિઓમાં શિક્ષણ પ્રત્યેની ઓછી જાગૃતિ છે.

પ્રસ્તુત અભ્યાસમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના શિક્ષણ સંબંધિત કેટલીક બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નિયમિતતા, તેમની શિક્ષણમાં સહભાગિતા, તેમની સ્વચ્છતાની ટેવો, તેમની સામાજિકતા તેમજ તેમને પડતી મુશ્કેલીઓ જાણી શકાશે તથા તેનું પ્રમાણ જાણી શકાશે. જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાક નીતિ વિષયક નિર્ણયો લેવામાં મદદરૂપ બનશે.

## 6. સંશોધનની મર્યાદાઓ:

1. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ઉચ્ચ પ્રાથમિક શાળાઓનો જ સમાવેશ કર્યો છે.
2. પ્રસ્તુત સંશોધનમાં માત્ર આણંદ જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત ઉચ્ચ પ્રાથમિક શાળાઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.
3. પ્રસ્તુત સંશોધનમાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.

4. પ્રસ્તુત સંશોધનમાં ધોરણ ૬ થી ૮ માં અધ્યાપનકાર્ય કરતાં શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવ્યો
5. પ્રસ્તુત સંશોધનમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું શિક્ષણ, તેમજ આ શિક્ષણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નિયમિતતા, સહભાગિતા, સ્વચ્છતાની ટેવો, સામાજિકતા અને શિક્ષણ સંબંધી મુશ્કેલીઓનો જ સમાવેશ કર્યો છે.
6. પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણની મર્યાદા એ સંશોધનની મર્યાદા છે.

## 7. અભ્યાસની પધ્ધતિ:

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સર્વેક્ષણ-ગુણાત્મક પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

## 8. સંશોધન ઉપકરણની પસંદગી અને રચના:

પ્રસ્તુત સંશોધન માટે જીસીઇઆરટીની રીસર્ચ સંબંધેની કમિટિ SRAC દ્વારા વિવિધ ગૃપ નક્કી કરવામાં આવ્યા હતા. જેનાં ગૃપ-4 ના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વિદ્યાર્થીઓનું શિક્ષણનું હતુ. જેના તજજ્ઞ ડો.આર.એસ.પટેલ, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શિક્ષણશાસ્ત્ર વિભાગ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને ડો.એમ.એલ.જોષી, નિવૃત રીડર શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના માર્ગદર્શન હેઠળ શ્રી અનિલભાઇ ધામેલિયા, શ્રી બાબુભાઇ અજમેરી અને ટીમે પ્રસ્તુત વિષયના ઉપકરણો તૈયાર કર્યા હતા. જેમાં 5 ઉપકરણની રચના કરવામાં આવી હતી. 1. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ચર્ચા માટેનું 2. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ચર્ચા માટે 3. આચાર્યો અને શિક્ષકો માટે મુકત જવાબી પ્રશ્નાવલિ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે 4. આચાર્યો અને શિક્ષકો માટેની મુકત જવાબી પ્રશ્નાવલિ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી માટે તથા ઉપકરણ 5. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ અંગેની માહિતી મુલાકાત પત્રક. આમ, આ પાંચ પ્રકારના ઉપકરણની રચના વિદ્યાર્થીઓની નિયમિતતા, સહભાગિતા, સ્વચ્છતાની ટેવો, સામાજિકતા અને શિક્ષણ અંગેની મુશ્કેલી જાણવા માટે કરવામાં આવી હતી.

## 9. માહિતી એકત્રીકરણની પ્રવિધિ:

સંશોધક ગૃપે પ્રસ્તુત સંશોધન માટેની માહિતી એકત્રિત કરવા માટે SRAC ના ગૃપ નં-4 દ્વારા તૈયાર કરવામાં આવેલા 5 (પાંચ) પ્રકારના ઉપકરણોનો ઉપયોગ કર્યો છે. આ બહુકેન્દ્રિત સંશોધન હોવાથી ડાયટના 2-2 અધ્યાપકો નિદર્શ માટે પસંદ કરેલ શાળામાં રૂબરૂ ગયા હતા. જયાં સૌ પ્રથમ સંશોધન વિષેની માહિતી આપવામાં આવી. ત્યાર બાદ સંશોધન માટે જરૂરી માહિતી મેળવવા માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પાસેથી એક અધ્યાપકે અને બીજા અધ્યાપકે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી ઉપકરણ 1 અને 2 દ્વારા માહિતી મેળવવામાં આવી. આ સમયગાળા દરમ્યાન ઉપકરણ નં-3 અને 4 ધોરણ -6 થી 8 ના વર્ગ શિક્ષકોને તથા આચાર્યને મુકત જવાબી પ્રશ્નાવલિ આપી દેવામાં આવી. ત્યાર બાદ ઉપકરણ-5 માટે શિક્ષકો અને આચાર્યને અલગ-અલગ બેસાડી બંન્ને અધ્યાપકોએ અલગ-અલગ બેસી તેની સાથે ચર્ચા કરી માહિતી એકઠી કરી. જરૂર જણાઇ ત્યાં પૂરક પ્રશ્નો પૂછવામાં આવ્યા. વિદ્યાર્થીનું અવલોકન, તેમની નોંધનુ અવલોકન પણ કરવામાં આવ્યું અને આમ, માહિતી એકત્રિત કરવામાં આવી. સંબંધિત માહિતીનો ઉપયોગ માત્ર સંશોધન માટે જ કરવામાં આવશે તેની સમજ આપવામાં આવી. જયાં જરૂર જણાય ત્યાં તેમને પૂરતું માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું.

## 10. માહિતીનું પૃથક્કરણ:

પ્રસ્તુત સંશોધનમાં વિવિધ પાંચ પ્રકારના ઉપકરણના આધારે મેળવેલ માહિતીનું સંશોધનના હેતુ અનુસાર વર્ગીકરણ કરવામાં આવ્યું. મળેલા પ્રતિભાવના વિધાનોની આવૃતિ ગણી અને તેના ટકા શોધવામાં આવ્યા.

પ્રસ્તુત સંશોધન સંખ્યાત્મક અને ગુણાત્મક બંન્ને પ્રકારનું હોવાથી માહિતીનું વર્ણનાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું અને એના આધારે તારણો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## 11. તારણો:

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભમાં માહિતીનું એકત્રીકરણ કર્યા બાદ પૃથક્કરણ અને અર્થઘટન કરી સંશોધક ગૃપ દ્વારા નીચે મુજબના તારણો તારવ્યા છે. સૌ પ્રથમ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લગતા તારણો અને ત્યાર બાદ અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને લગતા તારણો રજૂ કર્યા છે.

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની નિયમિતતાને લગતા તારણો:**

1. અનુસૂચિત જાતિના 80 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત આવે છે.
2. અનુસૂચિત જાતિના 86 ટકા વિદ્યાર્થીઓ શાળામાં સમયસર આવે છે.
3. અનુસૂચિત જાતિના 87 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત ગણવેશ પહેરીને આવે છે.
4. અનુસૂચિત જાતિના 73 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત ગૃહકાર્ય કરીને આવે છે.

શાળામાં નિયમિત આવવામાં, સમયસર આવવામાં, નિયમિત ગણવેશ પહેરીને આવવામાં અને નિયમિત ગૃહકાર્ય લાવવામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં જે અનિયમિતતા જોવા મળી છે તેના મુખ્ય કારણો વાલીની શિક્ષણમાં અજાગૃતિ, નબળી આર્થિક પરિસ્થિતિ, ઘરથી શાળાનું અંતર વધારે, ઘરકામ, ખેતીકામ ,એક જ ગણવેશ હોવો, વિષયવસ્તુની કચાશ, માતાપિતાના માર્ગદર્શનનો અભાવ વગેરેના કારણે વિદ્યાર્થીઓમાં અનિયમિતતા જોવા મળી છે.

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં સહભાગિતાને લગતા તારણો:**

1. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 58 ટકા વિદ્યાર્થીઓ પ્રાર્થનાગાનમાં ભાગ લે છે.
2. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 52 ટકા વિદ્યાર્થીઓ ગીતમાં ભાગ લે છે.
3. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 38 ટકા વિદ્યાર્થીઓ સમાચાર વાંચનમાં ભાગ લે છે.
4. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 47 ટકા વિદ્યાર્થીઓ સુવિચાર વાંચનમાં ભાગ લે છે.
5. પ્રાર્થના સભામાં થતી વિવિધ અન્ય પ્રવૃતિ કે જેમાં 45 ટકા વિદ્યાર્થીઓ ઉખાણામાં ભાગ લે છે.
6. પ્રાર્થના સભામાં થતિ વિવિધ પ્રવૃતિઓ જેવી કે જાણવા જેવુંમાં 32 ટકા વિદ્યાર્થીઓ ભાગ લે છે.
7. પ્રાર્થના સભામાં થતિ વિવિધ પ્રવૃતિઓ જેવી કે ઘડિયાગાનમાં 50 ટકા વિદ્યાર્થીઓ ભાગ લે છે.

8. વર્ગખંડમાં પુછાયેલા પ્રશ્નોના જવાબમાં સહભાગિતાનું સરેરાશ પ્રમાણ 60 ટકા જેટલું છે જે અકંદરે સારું  કહી શકાય.
9. વર્ગખંડમાં શિક્ષક દ્વારા રજૂ થતી બાબતોમાં સમજણ ન પડિ હોય તો પ્રશ્ન પૂછવામાં સહભાગિતાનું પ્રમાણ 40 ટકા છે.
10. પ્રાર્થના સભા સિવાયની સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ સાંસ્કૃતિક બાબતોમા 48 ટકા જેટલું છે.
11. રમતગમત જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 61 ટકા જેટલું છે
12. પ્રવાસ/ પર્યટન જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 59 ટકા જેટલું છે.
13. બાળમેળા જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 47 ટકા જેટલું છે.
14. અન્ય વિવિધ સ્પર્ધાઓ જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 44 ટકા જેટલું છે.
15. વિવિધ દિનની ઉજવણી જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 38 ટકા જેટલું છે.

    પ્રાર્થનાસભામાં, વર્ગખંડમાં, સહઅભ્યાસિક પ્રવૃતિઓ વગેરેમાં સહભાગિતાનું પ્રમાણ ઓછા હોવાના તારણોમાં શરમ-સંકોચ, લઘુતાગ્રંથિ, આત્મવિશ્ર્વાસનો અભાવ, આવડતું ન હોય, વિષયવસ્તુની કચાશ, રસ ન હોવો, આર્થિક પરિસ્થિતિ નબળી હોવી વગેરે જેવી બાબતો જવાબદાર છે.

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સ્વચ્છતાની ટેવોને લગતા તારણો:**

1. અનુસૂચિત જાતિના 54 ટકા વિદ્યાર્થીઓ લેખનકાર્યમાં સ્વચ્છતા જાળવે છે.
2. અનુસૂચિત જાતિના 93 ટકા વિદ્યાર્થીઓ નિયમિત સ્નાન કરીને શાળામાં આવે છે.
3. અનુસૂચિત જાતિના 79 ટકા વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજન સમયે હાથ ધોઇને જમવા બેસે છે.

4. અનુસૂચિત જાતિના 94 ટકા વિદ્યાર્થીઓ વાળ ઓળીને આવે છે.
5. અનુસૂચિત જાતિના 89 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત નખ કાપીને આવે છે.
6. અનુસૂચિત જાતિના 85 ટકા વિદ્યાર્થીઓ સ્વચ્છ કપડાં પહેરીને શાળામાં આવે છે.

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના સ્વચ્છતાની ટેવોને અસર કરતી બાબતોમાં પાણીની સુવિધાનો અભાવ, સ્વચ્છતા પ્રત્યેની વિદ્યાર્થીની બેકાળજી, આર્થિક પરિસ્થિતિ, માતાપિતાની ઓછી જાગૃતતા, જવાબદાર છે.

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સામાજિકતાને લગતા તારણો:**

1. અનુસૂચિત જાતિના 89 ટકા વિદ્યાર્થીઓ એકબીજાને મદદ કરે છે
2. અનુસૂચિત જાતિના 93 ટકા વિદ્યાર્થીઓ સહેલાઇથી મિત્રો બનાવી શકે છે.
3. અનુસૂચિત જાતિના 95 ટકા વિદ્યાર્થીઓ પોતાની જ્ઞાતિ ઉપરાંત અન્ય જ્ઞાતિના મિત્રો હોય છે.
4. અનુસૂચિત જાતિના 28 ટકા વિદ્યાર્થીઓને વર્ગખંડમાં મોનિટર બનાવાય છે.26 ટકા વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃતિઓમાં નેતા નેતૃત્વ લે છે.
5. અનુસૂચિત જાતિના 79 ટકા વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે મુકત રીતે વાતચીત કરી શકે છે.
6. અનુસૂચિત જાતિના 16 ટકા વિદ્યાર્થીઓનું કહેવું છે કે અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓ ભેદભાવભર્યુ વલણ રાખે છે.

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સમાજિક્તા ઓછી હોવાના કારણોમાં લઘુતાગ્રંથિની ભાવના, આત્મવિશ્ર્વાસનો અભાવ, શરમ-સંકોચવાળી વૃતિ, તથા કેટલાક અંશે શિક્ષક-આચાર્યની બીક પણ જવાબદાર છે.

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં પડતી મુશ્કેલીને લગતા તારણો:**

1. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ લેવામાં આર્થિક મુશ્કેલી અને સમાજીક મુશ્કેલી નડે છે. જેમાં નબળી આર્થિક પરિસ્થિતિ, વાલીઓની શિક્ષણ પ્રત્યેની અજાગૃતિ જવાબદાર કારણો છે.
2. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શરમ-સંકોચ વૃતિ, લઘુતાગ્રંથિના કારણે વર્ગખંડમાં પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતા નથી અને વર્ગખંડની ચર્ચામાં ભાગ લેતા નથી.

3. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો અઘરા લાગે છે. જેનું કારણ આ વિષયોનો નબળો પાયો, પાયાની સંકલ્પનામાંની ઓછી સમજણ અને વાંચન-ગણનમાં જવાબદાર છે-લેખન.

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નિયમિતતાને લગતા તારણો:**

4. અનુસૂચિત જનજાતિના 68 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત આવે છે.
5. અનુસૂચિત જનજાતિના 77 ટકા વિદ્યાર્થીઓ શાળામાં સમયસર આવે છે.
6. અનુસૂચિત જનજાતિના 82 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત ગણવેશ પહેરીને આવે છે.
7. અનુસૂચિત જનજાતિના 62 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત ગૃહકાર્ય કરીને આવે છે. શાળામાં નિયમિત આવવામાં, સમયસર આવવામાં, નિયમિત ગણવેશ પહેરીને આવવામાં અને નિયમિત ગૃહકાર્ય લાવવામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં જે અનિયમિતતા જોવા મળી છે તેના મુખ્ય કારણો વાલીની શિક્ષણમાં અજાગૃતિ, નબળી આર્થિક પરિસ્થિતિ, ઘરકામ, મજૂરી , બહારગામ-વતનમાં જતા હોય, વિષયવસ્તુની કચાશ વગેરેના કારણે વિદ્યાર્થીઓમાં અનિયમિતતા જોવા મળી છે.

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં સહભાગિતાને  લગતા તારણો:**

1. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 41 ટકા વિદ્યાર્થીઓ પ્રાર્થનાગાનમાં ભાગ લે છે.
2. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 30 ટકા વિદ્યાર્થીઓ ગીતમાં ભાગ લે છે.
3. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 27 ટકા વિદ્યાર્થીઓ સમાચાર વાંચનમાં ભાગ લે છે.
4. પ્રાર્થના સભામાં થતી વિવિધ પ્રવૃતિઓ જેમાં 41 ટકા વિદ્યાર્થીઓ સુવિચાર વાંચનમાં ભાગ લે છે.
5. પ્રાર્થના સભામાં થતી વિવિધ અન્ય પ્રવૃતિ કે જેમાં 26 ટકા વિદ્યાર્થીઓ ઉખાણામાં ભાગ લે છે.
6. પ્રાર્થના સભામાં થતિ વિવિધ પ્રવૃતિઓ જેવી કે જાણવા જેવુંમાં 29 ટકા વિદ્યાર્થીઓ ભાગ લે છે.

7. પ્રાર્થના સભામાં થતિ વિવિધ પ્રવૃતિઓ જેવી કે ઘડિયાગાનમાં 25 ટકા વિદ્યાર્થીઓ ભાગ લે છે.
8. વર્ગખંડમાં પુછાયેલા પ્રશ્નોના જવાબમાં સહભાગિતાનું સરેરાશ પ્રમાણ 54 ટકા જેટલું છે જે અકંદરે મધ્યમ  કહી શકાય.
9. વર્ગખંડમાં શિક્ષક દ્વારા રજૂ થતી બાબતોમાં સમજણ ન પડિ હોય તો પ્રશ્ન પૂછવામાં સહભાગિતાનું પ્રમાણ 31 ટકા છે.
10. પ્રાર્થના સભા સિવાયની સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ સાંસ્કૃતિક બાબતોમા 35 ટકા જેટલું છે.
11. રમતગમત જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 51 ટકા જેટલું છે
12. પ્રવાસ/ પર્યટન જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 42 ટકા જેટલું છે.
13. બાળમેળા જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 57 ટકા જેટલું છે.
14. અન્ય વિવિધ સ્પર્ધાઓ જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 25 ટકા જેટલું છે.
15. વિવિધ દિનની ઉજવણી જેવી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સહભાગિતાનું પ્રમાણ 15  ટકા જેટલું છે.

    પ્રાર્થનાસભામાં, વર્ગખંડમાં, સહઅભ્યાસિક પ્રવૃતિઓ વગેરેમાં સહભાગિતાનું પ્રમાણ ઓછા હોવાના તારણોમાં શરમ-સંકોચ, લઘુતાગ્રંથિ, આત્મવિશ્ર્વાસનો અભાવ, વિષયવસ્તુની કચાશ, અનિયમિતતા વગેરે જેવી બાબતો જવાબદાર છે.

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સ્વચ્છતાની ટેવોને લગતા તારણો:**

1. અનુસૂચિત જનજાતિના 51 ટકા વિદ્યાર્થીઓ લેખનકાર્યમાં સ્વચ્છતા જાળવે છે.
2. અનુસૂચિત જનજાતિના 87 ટકા વિદ્યાર્થીઓ નિયમિત સ્નાન કરીને શાળામાં આવે છે.

3. અનુસૂચિત જનજાતિના 79 ટકા વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજન સમયે હાથ ધોઇને જમવા બેસે છે.
4. અનુસૂચિત જનજાતિના 89 ટકા વિદ્યાર્થીઓ વાળ ઓળીને આવે છે.
5. અનુસૂચિત જનજાતિના 84 ટકા વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત નખ કાપીને આવે છે.

   અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના સ્વચ્છતાની ટેવોને અસર કરતી બાબતોમાં પાણીની સુવિધાનો અભાવ, સ્વચ્છતા પ્રત્યેની બેકાળજી, આર્થિક પરિસ્થિતિ, ઘરથી શાળાનું વધુ અંતર જવાબદાર છે.

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સામાજિકતાને લગતા તારણો:**

1. અનુસૂચિત જનજાતિના 82 ટકા વિદ્યાર્થીઓ સહેલાઇથી મિત્રો બનાવી શકે છે.
2. અનુસૂચિત જનજાતિના 89 ટકા વિદ્યાર્થીઓ સહેલાઇથી મિત્રો બનાવી શકે છે.
3. અનુસૂચિત જનજાતિના 80 ટકા વિદ્યાર્થીઓ પોતાની જ્ઞાતિ ઉપરાંત અન્ય જ્ઞાતિના મિત્રો હોય છે.
4. અનુસૂચિત જનજાતિના 20 ટકા વિદ્યાર્થીઓને વર્ગખંડમાં મોનિટર બનાવાય છે.20 ટકા વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃતિઓમાં નેતા નેતૃત્વ લે છે.
5. અનુસૂચિત 73 ટકા વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે મુકત રીતે વાતચીત કરી શકે છે.
6. અનુસૂચિત જનજાતિના 100 ટકા વિદ્યાર્થીઓનું કહેવું છે કે અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓ ભેદભાવભર્યુ વલણ રાખતા નથી.

   અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સામાજિક્તા ઓછી હોવાના કારણોમાં લઘુતાગ્રંથિની ભાવના, શરમ-સંકોચવાળી વૃતિ, તથા કેટલાક અંશે શિક્ષક-આચાર્યની બીક તથા અવગણના પણ જવાબદાર છે.

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની શિક્ષણમાં પડતી મુશ્કેલીને લગતા તારણો:**

1. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ લેવામાં આર્થિક મુશ્કેલી અને સામાજીક મુશ્કેલી નડે છે. જેમાં નબળી આર્થિક પરિસ્થિતિ, વાલીઓની શિક્ષણ પ્રત્યેની અજાગૃતિ જવાબદાર કારણો છે.

2. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ શરમ-સંકોચ વૃતિ, લઘુતાગ્રંથિ અને પ્રાદેશિક બોલીના કારણે વર્ગખંડમાં પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતા નથી અને વર્ગખંડની ચર્ચામાં ભાગ લેતા નથી.
3. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન ,અંગ્રેજી અને સંસ્કૃત વિષયો અઘરા લાગે છે. જેનું કારણ આ વિષયોનો નબળો પાયો, પાયાની સંકલ્પનામાંની ઓછી સમજણ જવાબદાર છે.

## 12. સંશોધનને આધારે સૂચનો:

❖ **વિદ્યાર્થીઓને સૂચનો**

1. વિદ્યાર્થીઓએ નિયમિત શાળાએ આવવું જોઇએ
2. વિદ્યાર્થીઓએ શાળામાં સમયસર આવવું જોઇએ
3. વિદ્યાર્થીઓએ ગૃહકાર્ય કરીને શાળાએ આવવું જોઇએ.
4. વિદ્યાર્થીઓએ નિયમિત ગણવેશ પહેરીને શાળાએ આવવું જોઇએ.
5. વિદ્યાર્થીઓએ શાળામાં થતી વિવિધ અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃતિઓમાં ભાગ લેવો જોઇએ.
6. વિદ્યાર્થીઓએ સ્વચ્છતા પ્રત્યે સભાન રહીને સ્વચ્છતાની ટેવો વિકસાવવી જોઇએ.
7. વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ કેળવવો, લઘુતાગ્રંથિનો ત્યાગ કરવો અન્ય વિદ્યાર્થી સાથે હળી-મળીને રહેવું જોઇએ.
8. અઘરા લાગતા વિષયોનો મહાવરો કરવો જોઇએ.

❖ **શિક્ષકો/આચાર્યોને સૂચનો:**

1. શાળામાં વિદ્યાર્થીઓ નિયમિત આવે તે માટેનું યોગ્ય આયોજન કરવું, વાલી સંપર્ક કરવો.
2. શાળામાં વિદ્યાર્થીઓ સમયસર આવે તે માટે દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનવ્યવહારની સગવડ ઉભી કરવી.
3. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાની ટેવો વિકસાવવા યોગ્ય માર્ગદર્શન અને જરૂરી સગવડો ઉભી કરવી.
4. વિદ્યાર્થીઓનું સન્માન જાળવવું.

5. વિદ્યાર્થીઓમાં જોવા મળતી લઘુતાગ્રંથિ દૂર કરવાના પ્રયાસો હાથ ધરવા.
6. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે તેવા પ્રયત્નો કરવા.
7. આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે દાતાઓ પાસેથી ફંડ ઉભુ કરવું.
8. અઘરા લાગતા વિષયો માટે વધારે સમય ફાળવવો.
9. લોકબોલી/પ્રાદેશિક બોલીને લગતું સાહિત્ય ઉભું કરી સારું પ્રત્યાયન કરવું.
10. વિદ્યાર્થીઓમાં શિક્ષણનું મહત્વ વધે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું.

❖ **વાલીઓને સૂચના:**

1. વાલીઓએ બાળકોને નિયમિત અને સમયસર મોકલવા.
2. ઘરકામ/ખેતીકામમાં રોકવા નહીં.
3. જરૂરી સાધન સામગ્રી પુરી પાડવી.
4. શિક્ષણ પ્રત્યે જાગૃત થવું- શિક્ષણનું મહત્વ સમજવું

❖ **સરકારશ્રીઓને સૂચના** :

1. અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓને નડતી મુશ્કેલીઓ દૂર કરવા પ્રયત્ન કરવા.
2. વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ આપવા.
3. શિષ્યવૃતિની રકમમાં વધારો કરવો.
4. નોટબુકો તથા અન્ય જરૂરી સાધન સામગ્રી મફત આપવી.
5. દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહન વ્યવહારની સગવડ પુરી પાડવી.

## 13. ભાવિ સંશોધન માટેની દિશાઓ:

1. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં જોવા મળતા અપવ્યય અને સ્થગિતતાનો અભ્યાસ.
2. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની અપેક્ષાઓનો અભ્યાસ.
3. પ્રાથમિક શાળાઓના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વાલીઓના મંતવ્યો રૂઢિચુસ્તતા, રીતરિવાજો અંગેના અભ્યાસ..
4. સરકારી અને ખાનગી શાળાઓમાં ભણતાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનો તુલનાત્મક અભ્યાસ.